મૂર્તિ બાલસાહિત્ય

નાટ્ય ગ્રંથમાળા

સંપાદકો: ગિજુભાઈ અને તારાબેન

છેલ્લો પાઠ

16004102

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

કથાનાટ્ય ગ્રંથમાળા

છેલ્લો પાઠ

લેખક

ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ–૪૦૦૦૦૨ : અમદાવાદ–૩૮૦૦૦૧

©
પ્રકાશકના

પુન : સંપાદિત
પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૭૫
પ્રત : ૧૧૫૦

સેટનું મૂલ્ય રૂ. ૧૦–૦૦
[આઠ પુસ્તકો]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (જિ. ભાવનગર)

કામચારૂ

એનું નામ કામાચારૂ હતું. કામાચારૂ વાને ગોરો ને ડિલે પાતળો હતો. જેવાં બધા જાપાનીઓનાં નાક હોય છે તેવું એનું નાક હતું. કપાળ કાંઈક વધારે વિશાળ અને નેણ ખૂબ ભરેલાં હતાં. કામાચારૂ હાથમાં લાકડી રાખતો. ચાલે ત્યારે કોઈ વાર બહુ ઉતાવળો તો કોઈ વાર સાવ ધીમો ચાલતો.

કામાચારૂ બહાર નીકળે ત્યારે છોકરાઓ સામે દોડી તેને નમસ્કાર કરતા. ઠોઠ છોકરાઓ, તોફાની છોકરાઓ, હોશિયાર છોકરાઓ બધા છોકરાઓ તેને જોઈ હરખાતા હરખાતા તેની પાસે ઊભા રહેતા. કોઈ કોઈ તો તેની લાકડી લઈને હવામાં ઉછાળતા; કોઈ તો તેના દોસ્તદારો હોય એમ તેની આંગળી થોભીને ચાલતા. છોકરાઓ તેને બોલાવતા ત્યારે તેને નામે જ બોલાવતા; 'એ કામાચારૂ!' એટલું જ કહેતા. કેમ જાણે કામાચારૂ તેમનો ભાઈ હોય કે કાકોમામો હોય! કામાચારૂને નામે બોલાવે ત્યારે તે ખુશી થતો. બીજાઓ પેઠે તે છેડાઈ પડતો નહિ અગર ભવાં ચડાવતો નહિ.

કામાચારૂ હતો તો માસ્તર; બધા માસ્તર જેવો જ તે માસ્તર હતો. કોબેની શાળામાં તે ઇતિહાસ ભણાવતો. કહેવાય છે તેમ છોકરા-ઓને ન ગમે એવો વિષય તે ભણાવતો. છતાં કામા-ચારૂ છોકરાઓને બહુ જ વહાલો હતો. ઇતિહાસ કોણ જાણે, કેવો રસિક ભણાવતો કે મોટા માસ્તરે જ તેને ઇતિહાસશિક્ષક બનાવ્યો હતો. દરેક વર્ગમાં તે એક એક કલાક ઇતિહાસનો લેતા. દરેક વર્ગમાં ઇતિહાસનો સમય એટલે ભારે મજાનો સમય; અને છતાં જ્યારે ઇતિહાસનો વર્ગ ચાલતો હોય ત્યારે વર્ગમાં એટલી બધી શાંતિ હોય કે ટાંકણી ભોંય ઉપર પડે તોપણ સંભ-ળાય! એકેએક છોકરો કે છોકરી એક મટકું પણ માર્યા વિના કામાચારૂનો પાઠ સાંભળ્યા જ કરે. વરસાદ પડતો હોય ને ચાતક ઉઘાડે મોંએ પાણી પીધા જ કરે, એમ કામાચારૂનું બોલવું છોકરાઓ સાંભળ્યા જ કરે. ઇતિહાસનો સમય ક્યારે પૂરો થાય એની કોઈને ખબર જ ન પડે. સમય પછી પણ નિશાળની પરસાળમાં કામાચારૂ ફરતાં છોકરાં ફરી વળે અને કામાચારૂ કંઈને કંઈ સંભળાવતો હોય.

કામાચારૂ જાપાનનો ઇતિહાસ ભણાવતો. જાપાનના જૂના રહેવાસીઓએ કેવાં કેવાં પરાક્રમો કરેલાં તેની વાતો કહેતો. જાપાનની જૂની કળાંની, જાપાનના જૂના ધર્મની, જાપાનના જૂનાં સાહિત્યની, જાપાનની સામે આવેલી મોટી મોટી લડાઈઓની કેટલી યે વાતો કહેતો. નાનું સરખું આટલુંક એવું જાપાન. એની એક બાજુ રશિયા અને ચીન. રોજ ને રોજ કંઈ ને કંઈ કજિયો તો હોય જ. આણી કોરથી ચીન કોણી મારે, આણી કોરથી રશિયા ડોળા ફાડે. પણ જાપાન તો અક્કડ ને અક્કડ ઊભું રહેતું. વખતે વખતે હાથમાં હથિયાર લઈ ઊતરી પડતું. સેંકડો વાર એવી રીતે લડીલડીને જીવતું રહેલું. આ બધું કેવી રીતે બનેલું તેની વાતો કામાચારૂ કહેતો. કામાચારૂ વાતો કહેતો ત્યારે તેનું મોઢું રાતુંચોળ થઈ જતું. "જાપાન! જાપાન!" એમ કહી જ્યારે જૂની લડાઈઓની તે વાતો કરતો ત્યારે પોતે જાણે લડાઈના મેદાન પર હોય એવો દેખાતો હતો. કોઈ કોઈ પ્રસંગે તો તેના હોઠ ધ્રૂજી ઊઠતા; કોઈ વાર આંખો લાલચોળ થઈ જતી. પણ પછી જ્યારે જાપાન જીત્યું એની વાત આવતી ત્યારે

તેના મોઢા ઉપર હરખ દેખાતો, એની આંખોમાં તેજ દેખાતું અને એનું મોઢું હસી ઊઠતું. છોકરાંઓના ચહેરા પર એ જ ભાવો પ્રગટતા. પોતાના જાપાનની વાતો સાંભળીને છોકરાંઓનાં હૈયાં ઊછળતાં.

કામાચારૂને ગામ આખાનાં છોકરાં ઓળખતાં. કામાચારૂ વીશ વરસથી ઇતિહાસનો જ શિક્ષક, આખા ગામના માણસો એની પાસે ભણી ગયેલા. 'કામાચારૂ' નામ આવ્યું કે સૌને એ જ યાદ આવે. કામાચારૂ એટલો બધો જાણીતો છતાં એટલો જ એકલો રહેવાવાળો. અમસ્તો જ્યાં ત્યાં તે જતો નહિ; જેની તેની દોસ્તી કરવા નીકળતો નહિ; જે તે જાતજાતનાં કામોમાં ભાગ લેતા નહિ. એક ભલો ઇતિહાસ, એક ભલી એની નિશાળ ને ભલા એના નિશાળિયા. કામાચારૂ ઇતિહાસ અને ઇતિહાસશિક્ષણની ખરી સેવા કરતો. ઇતિહાસમાં તો રસબસ તરબોળ રહેતો.

કામાચારૂ ભણાવતાં ભણાવતાં સાઠ વરસનો ડોસો થયો. આંખો જરા ઊંડી ગઈ; નેણ અને મૂછો તથા માથાના વાળ ધોળા થઈ ગયા. પોતે ઊંચો હતો એટલે કેડેથી જરા વળી ગયો

હતો, છતાં તે લાકડીને આધારે ટટાર ચાલવાનો પ્રયત્ન કરતો છતાં તે ઇતિહાસ ભણાવતો ત્યારે એટલો ને એટલો જ જોસમાં આવી જતો; લડાઈની વાતો કરતો ત્યારે હજી પણ તેનો ચહેરો લાલ થઈ જતો ને હાથપગની નસો જાડી થઈ જતી; અને ઘડપણને લીધે આગલા ત્રણ દાંત પડી ગયેલા તેથી જુસ્સામાં અને ઉતાવળમાં તે બોલવા જતો ત્યારે જરા જરા તોતડું બોલાઈ જવાતું. છતાં ઇતિહાસના પાઠમાં તોફાનીમાં તોફાની છોકરાઓને તેની મશ્કરી કરવાનું મન થતું નહિ. વાતો સાંભળવામાં કામાચારૂ કેવો છે ને કેવું બોલે છે તેનું તેમને ભાન પણ ન રહેતું.

કામાચારૂ છેક ઘરડો થવા આવ્યો. પણ કોબેના પંચે તેને ઇતિહાસ ભણાવતો બંધ ન કર્યો. એના જેવો બીજો ઇતિહાસશિક્ષક ક્યાંઈ જડતો ન હતો. કામાચારૂ હવે બહુ વધારે જીવવાનો ન હતો; પોતે પણ સમજતો હતો. જેટલું ભણાવાય તેટલું તે ભણાવ્યા જ કરતો. બાપદાદાની વાતો જેટલી થાય તેટલી કર્યા જ કરતો. એના મનને ખાતરી હતી; ભલે પોતે આજ મરી જાય કે કાલ મરી જાય, ભલે આજે ચીન અથવા રશિયા જાપાન પર

ઊતરી આવે, જાપાનના છોકરા બહાદુર છે, જાપાનના છોકરા બાપદાદાની કીર્તિ જાણે છે, જાપાનના છોકરાઓએ જાપાનની આબરૂ સાચવી જાણી છે. જાપાનના છોકરા કોઈ દિવસ પણ અપજશ લઈને પાછે પગે નહિ હઠે એવી ખાતરી હોવાથી તેના મનમાં એમ ન હતું કે " અરેરે ! મેં નજરોનજર જબરી લડાઈ જોઈ નહિ. અરેરે ? ઈતિહાસને મેં મારી આંખે ન ભાળ્યો. અરેરે ! મારા પાણીદાર છોકરાઓને પાણી બતાવતાં મારી આંખે મેં નિહાળ્યા નહિ ! " એના મનને ખાતરી જ હતી; કામાચારૂને જિંદગીનો સંતોષ થઈ ગયો હતો.

પણ એટલામાં રશિયા ને જાપાન વચ્ચે સળગી. રશિયાએ જબરી તૈયારીઓ કરીને જાપાન ઉપર ઊતરવા માંડ્યું. આવડું જ નાનું એવું જાપાન ને આવડું મોટું રશિયા ! મોટાં દળનાં દળ ઊતરવા માંડ્યાં; એટલાં બધાં લશ્કર કે જાણે દરિયો ઊછળ્યો !

જાપાન તો નાનું એવું. જાપાનના માણસો પણ કેટલા ? તો યે જાપાન લડવા માટે ખડે પગે થઈ ગયું. " મારું જાપાન ! કોણ છે એના ઉપર હાથ નાખનાર ? રશિયા હોય કે એનો બાપ હોય; એક હોય કે એક અબજ હોય; જાપાન, મારું

જાપાન, રશિયાના હાથમાં નહિ જ જાય!"
જાપાન એક છેડેથી બીજે છેડે સુધી ગાજી ઊઠ્યું. હજારો જુવાનો હથિયાર લઈ સેનાની ભરતીમાં જોડાઈ ગયા. રશિયા સામે જાપાને મોરચા માંડી દીધા.

રશિયા અને જાપાન વચ્ચે જંગ જામ્યો. સેંકડો જાપાન અને હજારો રશિયાના માણસો રોજ રોજ લડાઈના મેદાન પર માર્યા જાય છે. સેંકડો માતાઓ સાંજ પડ્યે દીકરા વિનાની થઈ જાય છે. સેંકડો સ્ત્રીઓ સાંજ પડ્યે પતિ વિનાની થઈ જાય છે, ને સેંકડો છોકરાં નબાપાં થઈજાય છે. મહાન જંગ ચાલી રહ્યો છે. "જાપાન, જાપાન! અમારું જાપાન! એ માટે અમે મરશું અને એ માટે જીવશું!" એ જ વાત ને એ જ એક સવાલ થઈ રહ્યો છે.

લડાઈ વધતી ચાલી. ગામેગામના નાયકો સિપાઈઓ સાથે આવતા જાય છે. આજે કોબેથી લશ્કર આવવાનું છે. લોકો કહે છે: "કોબેનો એકે-એક જુવાન લશ્કરમાં જોડાઈ ગયો છે; એકેએક છોકરી લશ્કરમાં સામેલ થઈ ગઈ છે. કોબેનું લશ્કર સૌથી મોટું થશે. આ વખતે કોબે રશિયાને હંફાવશે. ઘણું જીવો કોબે. ઘણું જીવો કોબેના સૈનિકો."

દેશ આખાની આંખ આજે કોબે અને તેના સિપાઈઓ તરફ મંડાઈ ગઈ છે. આજે કોબે દિવસ જીતશે.

કોબેના સિપાઈઓની છાવણી પડેલી છે: એક બુઢ્ઢો ધોળા વાળવાળો લાંબો પણ જરા વળેલો આદમી છાવણી સામે ઊંચા ટેબલ પર ઊભેલો છે. કોઈ જૂના પુરાણા બુઝુર્ગ સિપાઈ જેવો દેખાય છે. પોતે હથિયારબંધ છે. ઘરડો છતાં આંખમાં ખૂન ભરેલું છે, અવાજમાં જોસ છે, પગમાં પાણી છે. છાવણીનો એ વડો અમલદાર હોય એમ સહેજમાં દેખાય છે.

કોબેની છાવણીનો એ વડો અમલદાર— કોણ હશે એ અમલદાર? કોણ હશે એ બુઢિયો બહાદુર?

કામાચારૂ?

હા; લાગે છે તો કામાચારૂ જ. પણ એ તો ઇતિહાસનો શિક્ષક છે; એ તો મહેતાજી છે. અરે! એ તો ભણાવી જ જાણે; એ વળી લડશે કેમ ને જીતશે કેમ? એ વળી તલવારને ખેલી જાણશે? હા, એ જ ઇતિહાસનો શિક્ષક કામાચારૂ છે. આજે મહાન જંગ સાંભળીને એનું ઘરડું લોહી

તપી આવ્યું છે. આજે તે લડાઈના મેદાન પર ઊતરી આવશે: આજે તે તલવારને ખેલી બતાવશે.

કોબેના જબરજસ્ત ચોકમાં લશ્કરના સિપાઈઓ હારબંધ ઊભેલા છે; જાણે કે નિશાળમાં છોકરાઓ ઊભા હોય! એક ટેબલ પર કામચારૂ ઊભો છે: કેમ જાણે અત્યારે પણ ઇતિહાસનો પાઠ આપવો હોય! અને સાચે જ, અત્યારે પણ કામાચારૂ પાઠ જ ભણાવતો હતો. બધા સિપાઈઓ એના નિશાળિયા હતા; બધા એની પાસેથી જ ઇતિહાસ શીખ્યા હતા; બધા એની પાસેથી જ દેશપ્રેમ શીખ્યા હતા. એણે જ બધાઓમાં દેશપ્રેમની જ્વાળા સળગાવી મૂકી હતી; એણે જ એમને બધાને ઘડ્યા હતા! આજે પણ એ એ જ કામ કરવા ઊભો હતો. આજે પણ તે ઇતિહાસના શિક્ષક હતો. આજે પણ તે ઇતિહાસની જ વાત કહેવાનો છે. પણ એ ઇતિહાસની વાત ગઈ કાલની નહિ; એ લડાઈઓની વાત જૂની-પુરાણી નહિ; એ હારજીતની કથાઓ બસો પાંચસો વર્ષની નહિ. પણ આજ તો એ આજની વાત કરવાનો છે; આજની લડાઈની વાત કરવાનો છે; આજની જીતની વાત કરવાનો છે. આજ સુધી

એણે ઇતિહાસના ઘણા પાઠો આપ્યા હતા; ઘણી વાતો કહી હતી. આજે તે છેલ્લો જ પાઠ આપવાનો હતો, અને આજે તે એક જ વાત કહેવાનો હતો.

જેમ માસ્તર સોટી ઉપર હાથ રાખીને કે હાથની આંકણી હલાવીને ભણાવતો જાય, તેમ કામાચારૂ તલવાર રમાડતો રમાડતો બોલ્યો.

પહેલો જ શબ્દ બોલ્યો ત્યાં તો ચારેકોર શાંતિ શાંતિ થઈ ગઈ. માસ્તર સોટી પછાડે કે એકાદ છોકરાને તમાચો મારે ત્યારે જે શાંતિ ફેલાઈ જાય તેવી શાંતિ ફેલાઈ ગઈ. જૂના ઇતિહાસ–સિપાઇ એ ધીમેથી પોતાનો છેલ્લો પાઠ આપવા માંડયો—

" છોકરાઓ ! અરે ભૂલ્યો, સિપાઈઓ ! ના ના; હું તો તમને છોકરાઓ જ કહીશ. તમે મારા છોકરાઓ અને હું તમારો કામાચારૂ: ઇતિહાસનો શિક્ષક. હું તમને છોકરાંઓ જ કહીશ. વારુ ત્યારે, છોકરાઓ ! આજનો પાઠ કરવાનો છે, સાંભળવાનો નથી. તે કરવા માટે જ સાંભળજો. છોકરાઓ ! ચાલો, રણના મેદાન પર ચાલો. ચાલો, જાલિમ રશિયાની સામે ચાલો. ચાલો, એ પરદેશી દુશ્મન સામે ચાલો. ચાલો, જોશ કદમ ચાલો. ચાલો, દળવાદળ ચાલો; હોંશે હોંશે ચાલો. ચાલો,

અને મેદાને ઊતરો. મેદાને ઊતરો અને રશિયાને જેર કરો, નસાડો, ભગાડો અને દૂર કરો! આપણું આ જાપાન; આપણો જ આ દેશ. આપણો આ પુરાણો દેશ. બાપદાદાનું આપણું વતન! કેવા સુંદર એના પર્વતો છે! કેવી સુંદર એની નદીઓ છે! કેવાં સુંદર એનાં ખેતરો છે! કેવાં સુંદર એનાં જાનવરો ને પક્ષીઓ છે! એ આપણું છે, આપણું પોતાનું છે. રશિયાને તે જોઈએ છે; રશિયાને તેના ધણી થવું છે. ચાલો, એકેએક લોહીનું ટીપું આપી દઈએ પરંતુ જાપાનને બચાવીએ. જીવતર જાય પણ જાપાન ન જાય. માથું પડે પણ જાપાનીઝ બચ્ચો નહિ ડગે. ગમે તે થાય પણ કોઈ સિપાઈ નહિ હઠે!"

"છોકરાઓ! આજ દિવસ સુધી ઇતિહાસને ભણ્યા. આજ દિવસ સુધી શૂરાનાં ગીત ગાયાં. આજે તો આપણે જ ઇતિહાસ કરી નાખીએ. આપણે એવું કરીએ કે આપણાં ગીતો બીજા ગાય. ચાલો, હોશિયાર છોકરાઓ! ચાલો, લડીને જાપાન રાખવા ચાલો. મરીને જાપાન બચાવવા ચાલો. જોજો, જાપાનને છાતી પર રાખજો. ગોળીથી છાતીનું માંસ ભલે જાય પણ હૃદયમાંથી જાપાન નામ ન ખસે!

ચાલો. જય, જાપાન ભૂમિનો જય ! જય, કોબેના સિપાઈઓનો જય ! જય, કોબેના નિશાળિયાઓનો જય ! ”

છેલ્લો પાઠ અપાઈ ગયો ને લશ્કરે કૂચ કદમ કરી. મોઢા આગળ કામાચારૂ ને પાછળ એના નિશાળિયા.

કામાચારૂ અને કોબેના નિશાળિયા રશિયા સામે ચડ્યા. અને ખરેખરે રંગ રાખ્યો એ કોબેના નિશાળિયાઓએ ને એની નિશાળના એ મહેતાજીએ. રંગ રાખ્યો ઇતિહાસના એ શિક્ષકે ને ઇતિહાસના ભણતરે. કામચારૂ દેશ આખાનો નાયક થઈ પડ્યો, લાખો સિપાઈઓ કામાચારૂની સરદારી નીચે ખડા થઈ ગયા. કામાચારૂએ એમને ઇતિહાસનું પાણી ચડાવ્યું, બાપદાદાની ટેક સંભળાવી અને રશિયા સામે જાપાનને અક્કડ રાખ્યું.

આખરે જાપાન જીત્યું ને રશિયા હાર્યું, રશિયા હાર્યું ને જાપાન જીત્યું.

આજે જાપાનમાં ઇતિહાસ ચાલે છે. ત્યાંના ઇતિહાસના શિક્ષકને કોઈ ઇતિહાસનો શિક્ષક નથી કહેતું; તેને ‘ કામાચારૂ ’ એવું જ નામ આપેલું છે. કામાચારૂ એટલે ઇતિહાસનો શિક્ષક એવો અર્થ આજે થઈ ગયો છે.

થીઆસાં

થીઆસાં તિબેટમાં થઈ ગયો. ભૂગોળનો એ અચ્છો શિક્ષક હતો. આખી દુનિયાની ભૂગોળ તેને મોઢે હતી; ચોપડીમાં જોઈને તે કદી ભણાવતો ન હતો.

તેની ભણાવવાની રીત પણ અદ્દભુત હતી; તે ભૂગોળ ગોખાવતો નહિ; ડુંગરા ને નદીઓનાં નામોના હારડા તે મોંએ બોલાવતો નહિ. તે છોકરાઓને મુસાફરીએ લઈ જઈને, ભૂગોળની વાર્તાઓ કહીને અને એવી કેટલીયે નવી નવી રીતે ભૂગોળ ભણાવતો.

છોકરાઓ તેના ઉપર ખુશીખુશી રહેતા. બીજા બધા શિક્ષકોમાં થીઆસાં છોકરાઓને બહુ વહાલો હતો. એનું નામ દરેક છોકરાના હોઠ ઉપર રહેતું. કોઈ છોકરો એવો ન હતો કે તેને ભૂગોળનો પાઠ અઘરો લાગે.

થીઆસાં અઢાર વર્ષની ઉંમરે નિશાળમાં દાખલ થયો. ચાળીશ વર્ષ તેણે એકલી ભૂગોળ જ શીખવ્યા કરી. આખા ગામના અને આખા તિબેટના, હજારો છોકરાઓ તેની પાસેથી ભૂગોળ શીખ્યા હતા. આખા તિબેટમાં થીઆસાં ભૂગોળના શિક્ષક તરીકે પ્રસિદ્ધ હતો.

તેણે ભૂગોળમાં કંઈ કંઈ વાતો શીખવી હતી. દુનિયામાં કોણ છે અને શું કરે છે, દુનિયામાં શું શું થાય છે ને ક્યાં ક્યાં થાય છે, દુનિયામાં શું શું સુંદર છે ને ક્યાં ક્યાં છે, તે બધું તેણે તિબેટના છોકરાઓને ભણાવ્યું હતું. સેંકડો તિબેટીઓ ભૂગોળ ભણી દુનિયા ફરવા નીકળતા હતા. સેંકડો દુનિયામાંથી સારું સારું પોતાને ત્યાં લાવતા ને તિબેટનું સારું સારું કેટલું યે બહાર લઇ જતા. જેમ દુનિયા પાસેથી લાવવા જેવું ઘણું હતું તેમ તિબેટમાંથી મોકલવા જેવું પણ ઘણું હતું.

તિબેટનો દરેકેદરેક જણ આખા તિબેટમાં ફરી વળ્યો હતો. તિબેટ–પોતાનો દેશ જોવાની થીઆસાં દરેકને એવી તો ભૂખ લગાડતો કે તે જોયા વિના કોઈને ચેનં જ ન પડે.

નિશાળના બધા વર્ગોમાં થીઆસાં ભૂગોળ જ ભણાવતો. જ્યારે નિશાળનું ભણતર પૂરું થતું ત્યારે તે ભણી ઉતરતા છોકરાઓને છેલ્લો પાઠ આપતો. દરેક વર્ષે નીકળી જતા છોકરાઓને છેલ્લો પાઠ મળતો ને પછી છોકરાઓ પોતપોતાના કામકાજે લાગી જતા.

એમ કરતાં ચાળીશ વર્ષ વીતી ગયાં. ને આજ સુધીમાં ચાળીશ છેલ્લા પાઠો થીઆસાંએ

આપ્યા હતા. આજે તેનો છેલ્લામાં છેલ્લો પાઠ એકતાળીશમો પાઠ હતો. આ પાઠ નિશાળમાંથી છેલ્લા ભણી ઊતરનારાઓને જ માત્ર ન હતો; આ પાઠ ભણી ગયેલા બધાઓ માટે હતો.

થીઆસાં ૪૦ વર્ષની દેશસેવા કરી આજે ભણાવવાના કામમાંથી છૂટો થતો હતો. આટલાં વર્ષોની મહેનત પછી તે આરામ અને શાંતિ માટે જતો હતો. આજે તેનો વિદાયદિન હતો. તમામ ભણેલા વિદ્યાર્થીઓને છેલ્લી વારની ભૂગોળ ભણાવી લેવાનો તે દિવસ હતો.

તિબેટીઓની જંગી સભા વચ્ચે એક માંચડો હતો. થીઆસાં તે દિવસના રાજા જેમ બેઠો હતો; સામે હજારો વિદ્યાર્થીઓ બેઠા હતા. જેઓ થીઆ-સાંને મૂછો ઊગતી હતી ત્યારે તેની આગળ ભણ્યા હતા તેઓ ત્યાં હાજર હતા; તગતગતા ગાલોવાળો જુવાન થીઆસાં જુવાનીના તોરમાં ભૂગોળમાં માત્ર દેશપ્રેમ જ શીખવતો હતો તે વખતે જેઓ તેની પાસે ભૂગોળ ભણ્યા હતા તેઓ પણ ત્યાં જ હતા; જેઓ જરા ભરાવદાર મૂછો અને જરા ગંભીર થતી આંખવાળા થીઆસાં પાસે ભૂગોળનું ભણતર ભણ્યા હતા તેઓ પણ

ત્યાં જ હતા; મૂછોના બાલમાં અને માથામાં પહેલવહેલા જ ધોળા વાળ આવ્યા તે વર્ષમાં થીઆસાં પાસે ભણેલા વિદ્યાર્થીઓ પણ ત્યાં હાજર હતા; છેક ધોળી મૂછો ને માથાના સાવ ધોળા વાળવાળા થીઆસાં આગળ છેક હમણાં ભણી ઉતરેલા છોકરાઓ પણ ત્યાં જ હાજર હતા.

આજે સૌ થીઆસાંને માન આપવા આવ્યા હતા. આખા તિબેટને ખૂણેખૂણેથી ભૂગોળનાં વિદ્યાર્થીઓ આવ્યા હતા.

વિદ્યાર્થીઓએ ભાષણો કર્યાં; હાર અને તોરા પહેરાવ્યા; ખુશાલીના પોકારો કર્યા. વિદ્યાર્થીઓ માન આપી રહ્યા.

હવે થીઆસાંનો વારો આવ્યો. તેણે નકશો કાઢ્યો ને ટાંગ્યો; હાથમાં લાંબી લાકડી લીધી.

સભા આખી સ્તબ્ધ થઈ ગઈ. થીઆસાં જવાબ રૂપે શું બોલશે ? કેવા ઉદ્ગારો કાઢશે ? સાંભળવા માટે એકેએક વિદ્યાર્થી તલસી રહ્યો હતો. થીઆસાં 'સદ્ગૃહસ્થો અને સન્નારીઓ' બોલ્યો નહિ ભાષણકર્તા જેમ ઊભો રહ્યો ને બોલ્યો નહિ. તે શિક્ષક હતો અને શિક્ષક જેવો દેખાતો હતો. લાંબી લાકડી નકશામાં આવેલ તિબેટ પર મૂકીને

માસ્તર રોજ વર્ગમાં બોલે તેમ જ તે બોલ્યો : "જુઓ, આ તિબેટ છે જોયું છે?"

છોકરાઓ – નાના અને મોટા, મૂછ વિનાના અને મૂછોવાળા, જુવાન અને આધેડ, જોઈ જ રહ્યા. થીઆસાં શું બોલે છે? ભાષણ કરે છે કે ફરીને પાછો એ જ જૂનો પાઠ આપે છે?

ખરે જ થીઆસાં ભાષણ નહોતો કરતો, પણ ભૂગોળ શીખવતો હતો. ભૂગોળમાં આજે તે ફરીને એક વાર છેલ્લો પાઠ આપતો હતો, પોતાના બધા વિદ્યાર્થીઓને પાઠ આપતો હતો.

થીઆસાંએ ચલાવ્યું : "આ તિબેટ છે. આ તમારો તિબેટ છે. આ તિબેટીઓનો તિબેટ છે. જેઓએ આ તિબેટની ભૂમિનું પાણી પીધું છે, અન્ન ખાધું છે, હવા લીધી છે, તડકો અને ટાઢ લીધાં છે, વરસાદ અને બરફ લીધાં છે, તેઓનો આ તિબેટ છે. તમારો દેહ તિબેટનો છે, તમારું મન તિબેટનું છે; ને તિબેટ તમારો છે, તમારો છે, તમારો છે!"

"દેશદેશ સુંદર છે, તિબેટ પણ સુંદર છે. દેશેદેશનાં પક્ષીઓ સુંદર છે; તિબેટનાં પક્ષીઓ પણ સુંદર છે. દેશેદેશની જમીન, દેશેદેશની નદીઓ, દેશેદેશના પહાડો સુંદર છે; તિબેટની જમીન, નદીઓ ને

પહાડો સુંદર છે. તમારો તિબેટ એટલો જ સુંદર છે, એટલો જ રસાળ છે, એટલો જ રળિયામણો છે."

"તિબેટ તમારો છે ને બીજા દેશો બીજાના છે. તિબેટનાં ખેતરો તમારાં છે પણ બીજા દેશનાં ખેતરો તમારાં નથી. તિબેટનું ધન તમારું છે ને તે બીજા કોઈનું નથી. તિબેટનાં ઢોર તમારાં છે ને તે તમારાં જ છે. તમારું જ તિબેટ છે ને તમે તિબેટના જ છો."

"છોકરાઓ! યાદ રાખજો, તિબેટ તમારો છે. આવો રસાળ અને સુંદર, આવો ભવ્ય ને રમણીય તિબેટ તમારો જ છે. એક તસુ જેટલો તિબેટ કોઈનો નથી. આકાશથી પાતાળ સુધીનો તિબેટ તિબેટીઓનો છે. યાદ રાખજો, કોઈ એને પોતાનો કહી ન શકે. ધ્યાન રાખજો, કોઈ એને પોતાનો કરવા ન આવે. ખબરદાર રહેજો, કોઈ એને પોતાનો કરવા ચડી આવે તો! તો તમે તિબેટ ફરતા ઊભા રહેજો; એકેએક માણસ ઊભા રહેજો. ઢાલની પેઠે, માતાની આડા ઊભા રહો તેમ તમે ઊભા રહેજો. આવનારને કહેજો: 'આ અમારો તિબેટ છે. તારું હોય ત્યાં તું જા. અમે તારે ત્યાં નથી આવવાના. તું જા; જતો રહે.' પણ ન જાય અને પેસવા આવે તો? તો ત્યાં ને ત્યાં ઊભા થઈ રહેજો. ખીલા જેમ ખોડાઈ

જજો; એક તસુ પણ ના હલજો. કિલ્લો કરીને ફરી વળજો, અને પછી બીજા દેશના તમને કાપી નાખીને હેઠા પાડે ત્યારે જ નીચે પડજો; તમારા મુડદા ઉપર પગ મૂકીને બીજાઓ તિબેટમાં જાય ત્યારે જ તમે એને જવા દેજો!"

છોકરાઓ એકધ્યાનથી થીઆસાંનો એ પાઠ સાંભળતા હતા. સભા મટીને એ આખું સ્થળ જાણે નિશાળનો ઓરડો બની ગયું હતું. બધા જાણે કે ફરી વાર ભૂગોળ ભણવા બેસી ગયા હતા. એકેએક શબ્દ-તિબેટીના મનમાં સોંસરવો ઊતરતો હતો; એકેએક માણસ 'મારું તિબેટ! મારું તિબેટ!' બોલી રહ્યો હતો.

થીઆસાંએ ભાષણ પૂરું કર્યું. તેના ઘરડા ચહેરા ઉપર લાલ લોહીની સુરખી જરા જરા તગતગી આવી; તે વધારે ટટાર દેખાયો. તેની આંખ તેજથી ચળકતી હતી.

છેલ્લી વાર તિબેટ ફરતી લાકડી ફેરવી મોટેથી કહ્યું: "આ તમારો તિબેટ છે, આ તિબેટને જીવને ભોગે સાચવજો!"

છેલ્લો પાઠ પૂરો થયો.

લોકો બોલ્યા: "ખરો, થીઆસાં ખરો! સાચેસાચ ભૂગોળનો શિક્ષક!"

આલ્સસ અને ફ્રાન્સ

ફ્રાન્ઝને થતું હતું કે આજે નિશાળે ન જાઉં. તેને આજે કશું નહોતું ગમતું. હવા ભારે અને શાંત હતી. પગરવ ધીમો હતો. ચારેકોર ગંભીરતા હતી. દૂર દૂર દિવસ છતાં ચીબરી ચીસો નાખતી હતી. પેલા દૂરના મેદાનમાં જર્મન લોકોના લશ્કરની કવાયત ચાલતી હતી; એનો ન ગમે તેવો અવાજ કાને પડ્યા કરતો હતો. આજની સવાર જ કંઈક એવી હતી. નાના ફ્રાન્ઝને નિશાળે જવાનું મન થતું જ ન હતું.

વળી નિશાળમાં આજનો પાઠ કૃદંતનો હતો. ફ્રાન્ઝને એક તો વ્યાકરણ નહોતું આવડતું, ને એમાં વળી આજે કૃદંત હતા. ફ્રેન્ચ ભાષામાં કૃદંતના નિયમો છોકરાઓનો જીવ ખાઈ જાય એટલા બધા અઘરા છે. ફ્રાન્ઝને થતું હતું: "આજે નહિ ને કાલે જાઉં. કાલે કૃદંત નહિ ભણવા પડે."

પણ આખરે ફ્રાન્ઝ નિશાળે જવા નીકળ્યો. જાણે તેના પગે જ તેને શાળા ભણી ઉપાડ્યો. નાની શેરી વટાવી મેદાનમાં થઈ ગામના ચોરા પાસે તે

આવ્યો. ચોરા પાસે લોકોનું ટોળું એકઠું થયું હતું. ત્યાં કાળું પાટિયું ચોડેલું હતું ને તેના પર ચોડેલા છેલ્લા સમાચારો લોકો ભીડ કરી કરીને વાંચતા હતા. ધોરણ પ્રમાણે રોજ ને રોજ એ પાટિયા પર લડાઈના છેલ્લા સમાચારો આવતા. કોણ કોણ મૂઉં, કઈ કઈ લડાઈઓ જીત્યા અને હાર્યા, એ બધા ખબરો પાટિયા પર આવતા.

લોકોની ભીડ જોઈને ફ્રાન્ઝને પણ ત્યાં જવાનું મન થયું. "જોઉં તો ખરો, આજના શા ખબરો છે?" મન થયું પણ માંડી વાળ્યું. છેલ્લા સમાચાર જાણ્યા વિના તે નિશાળ ભણી આગળ ચાલ્યો. તેને મનમાં બીક હતી, રખે ને હું મોડો થાઉં ને મહેતાજીસાહેબ વઢે! તે ઊલટો ઉતાવળે પગે ચાલી નીકળ્યો.

ફ્રાન્ઝ નિશાળની નજીક આવ્યો. તેના મનમાં ધ્રાસકો પડ્યો. બીકથી તેનું કાળજું થડકવા લાગ્યું, "નક્કી આજે મોડો થયો છું અને નક્કી માર પડશે!" કેમકે નિશાળનાં બારીબારણાં ખુલ્લાં હતાં.

હમેશ પ્રમાણે છોકરાઓની ગડબડ પણ સંભળાતી ન હતી; શાળાનાં બારણા ધડોધડ

ભટકાતાં ન હતાં; જેની તેની ટોપીઓ અદ્ધર ઊડતી ન હતી; ચોપડીઓની ફેંકાફેંકી ચાલતી ન હતી, અને કોઈ છોકરો શિક્ષકની સોટી લઈ ટેબલ પર તડતડ પછાડી શિક્ષકની જેમ “ચૂપ રહો, ચૂપ રહો!” એમ બોલી ગમ્મત ઉડાવતો ન હતો. ઊલટું અંદર અને બહાર અત્યંત શાંતિ હતી; એક પણ વિદ્યાર્થી સસળતો ન હતો; ગણગણાટ જેટલો અવાજ પણ આવતો ન હતો.

ફ્રાન્ઝને પૂરી ખાતરી થઈ. “હાય હાય, મોડા થયા ને મૂઆ! હમણાં જ ભારે વલે થશે. મહેતાજી શું કહેશે ને શો જવાબ આપીશ?” એના ગાલ લાલચોળ થઈ ગયા. છાતી બમણી ધડકવા લાગી. ધ્રૂજતા પગે તે બારણું ઉઘાડી ઓરડામાં પેઠો.

અને તેની નવાઈનો પાર જ ન રહ્યો! મહેતાજીએ તેની સામે જોયું પણ ઠપકો ન આપ્યો; તેના હાથમાં સોટી હતી પણ છૂટી ન ફેંકી. ઊલટું તેણે ધીમેથી કહ્યું: “ફ્રાન્ઝ! ઝટ તારી જગાએ બેસી જા. આ ઘડીએ અમે પાઠ શરૂ કરતા હતા; તું એકલો બાકી રહ્યો હતો!

ફ્રાન્ઝ સડક જ થઈ ગયો. “આ શું?

મહેતાજી શું બદલાઈ ગયા છે? શું પોતે બરાબર સાંભળે છે ને દેખે છે? આવું તો આજે જ બન્યું કે મહેતાજી વઢ્યા નહિ. આ બધું વિચિત્ર શું છે?"

અને સાચે જ આજનો દેખાવ વિચિત્ર હતો. કોણ જાણે કેમ પણ વિચિત્ર હતો. આખો ઓરડો જાણે કે જુદો જ દેખાતો હતો. દરેક જણ શાંત ગંભીર અને ટટાર બેઠું હતું. કંઈક મેળાવડો હોય, કે ઉત્સવ હોય કે કંઈક હોય એવું દેખાતું હતું. આજે કંઈક વિચિત્ર તો હતું જ.

મહેતાજી પણ વિચિત્ર જ દેખાતા હતા. તહેવારે જ પહેરે એવાં નવાં કપડાં આજે તેણે પહેર્યાં હતાં. ટોપી, કોટ, પાટલૂન, બધું નવું હતું. એના હાથમાં આજે સોનાની તમાકુની ડાબલી હતી. આવું ફ્રાન્ઝે કે કોઈ વિદ્યાર્થીએ કદી નહોતું જોયું.

ફ્રાન્ઝ ચારેકોર જોવા લાગ્યો; આભો થઈને જોવા લાગ્યો. આજે આ લોકો વળી શા માટે આવ્યા હશે? ગામનો મુખી, ગામનો પટેલ, પેલો ભરવાડ, પેલો દરજી અને લુહાર, આ બધા આજે શું કામ આવ્યા હશે? કેમ જાણે પરીક્ષાનો મેળાવડો હોય! કેમ જાણે કંઈક નવો તહેવાર હોય!

અને આજે તહેવાર તો કંઈ જ નથી. ફ્રાન્ઝ વિચારમાં ડૂબી ગયો.

એટલામાં મહેતાજી ઊઠ્યા. તેણે જરા ખોંખારો માર્યો. તેના ચહેરા ઉપર તેજ જરા ઓછું થયું. તે હસતા હતા પણ હસવું જાણે કે કરમાયેલા ફૂલ જેવું હતું. ગંભીર અવાજ કાઢી તેણે કહ્યું : “ વહાલાં બાળકો ! આજે આ મારો પાઠ છેલ્લો છે. આજે હું તમને છેલ્લો છેલ્લો શીખવું છું. બર્લિન-માંથી હુકમ આવ્યો છે કે આલ્સસ અને લોરેનની નિશાળમાં હવેથી ફ્રેંચ ભાષા નહિ શીખવાય; હવેથી માત્ર જર્મન ભાષા જ શીખવાશે. આજે ફ્રેંચ ભાષાનો આ મારો છેલ્લો પાઠ છે. ”

“ છેલ્લો પાઠ ? ફ્રેંચ ભાષાનો છેલ્લો પાઠ ? હવેથી ફ્રેંચ નહિ જ શીખવાય ? એને બદલે જર્મન શીખવાશે ? ” છોકરાઓ સડક થઈ ગયા; ફ્રાન્ઝ તો હેબતાઈ જ ગયો ! તે મનમાં બોલ્યો : “ હું ! પેલા પાટિયા પરના છેલ્લા સમાચાર ! આ ફ્રેંચનો છેલ્લો પાંઠ ? ” તેના મનમાં થયું : “ મને તો ફ્રેંચ જરા યે આવડતું નથી. અરેરે, ફ્રેંચ શીખ-વાની મેં દરકાર જ ન કરી ! અને હવે તો કદી શીખાશે જ નહિ ! ”

ફ્રાન્ઝે પોતાની ચોપડીઓ સામે જોયું. બધી ફાટલી ને તૂટલી હતી. ફ્રાન્ઝે તેને કદી પણ સાચવી ન હતી; તેને તે ગમતી જ ન હતી. પણ આજે તે પોતાની ચોપડીઓ સામે પ્રેમભાવે જોઈ રહ્યો. ચોપડીઓ તેને મિત્રો જેવી લાગી. ચોપડીઓ તેને ગમવા લાગી. તે મનમાં બોલી ઊઠ્યો: "મારી ચોપડીઓ! મારી ફ્રેંચ ભાષાની ચોપડીઓ!"

ફ્રાન્ઝે ઊંચે જોયું તો શિક્ષક પણ જુદો જ લાગ્યો. કેમ જાણે સાવ બદલાઈ જ ગયેલો. આજે તે ડરામણો મહેતાજી ન હતો; આજે તે ભાઈબંધ જેવો દેખાતો હતો. ફ્રાન્ઝની અજાયબી વધતી જતી હતી.

મહેતાજીએ આંગળી ચીંધી ફ્રાન્ઝને ઊભો કર્યો અને કૃદંતના નિયમો બોલી જવાનું કહ્યું. ફ્રાન્ઝે પાઠ કર્યો ન હતો; કૃદંત કેમે યાદ રહે તેવા ન હતા. એટલો બધો લાંબો અને કડાકૂટિયો પાઠ! ફ્રાન્ઝ પૂતળા જેમ ઊભો રહ્યો; મોં નીચું ઘાલ્યું. શો જવાબ આપવો? એના માથામાં લોહી ધબધબ વહેવા લાગ્યું; પગ ધ્રૂજવા લાગ્યા, હમણાં મહેતાજી શું કરશે?

પણ એટલામાં મહેતાજી પ્રેમથી બોલ્યા:

"ફ્રાન્ઝ! ગભરાતો નહિ. આજે હું તને શિક્ષા નહિ કરું. તને અને તમને સૌને આજે એની મેળે જ ભારે શિક્ષા થઈ ચૂકી છે. અને ઘણી વાર એમ જ બને છે. આજનું કામ કાલ ઉપર રાખી મૂકીએ છીએ ને કાલ કદી આવતી જ નથી. આજ જાય છે ને આપણે પસ્તાવું પડે છે. આજ દિવસ સુધી આલ્સસ અને લોરેન આપણા હતા. આપણા એટલે ફ્રેંચના હતા. આજ દિવસ સુધી આપણી જ નિશાળમાં આપણી જ માતૃભાષા ફ્રેંચ આપણે ભણવાની હતી. પણ આજ સુધી આપણે બેદરકાર રહ્યા; માતૃભાષાને પણ જાણવાની બેદરકારી કરી! અને હવે? હવે તો આજે લોરેન અને આલ્સસ ઉપર જર્મન લોકોનું રાજ્ય સ્થપાઈ ગયું છે. હવે ફ્રાંસની આ શાળાઓ જર્મનીની થઈ ચૂકી છે. હવે આ શાળામાં આવતી કાલથી ફ્રેંચને બદલે જર્મન ચાલશે. ઘરની ભાષાને બદલે પારકી ભાષા ચાલશે; ઘરની ભાષાને બદલે પરની ભાષા ચાલશે, કોઈકની ભાષા ચાલશે; આપણા દેશને જીતી લેનારની ભાષા ચાલશે; ધણી થઈ બેઠેલાની ભાષા...."

બોલતાં બોલતાં મહેતાજીનો ચહેરો ઊકળી

રહ્યો હતો. તેણે વળી આગળ કહ્યું: "આપણી ફ્રેંચ ભાષા કેટલી સુંદર છે! કેટલી મધુર છે! કેટલી સ્વચ્છ છે! લોકો જ્યાં સુધી પોતાની ભાષાને ચાહે છે, પોતાની ભાષાને છોડતા નથી, ત્યાં સુધી ભાર નથી કે કદી પણ કોઈની સત્તા તેમના પર આખર સુધી ચાલી શકે. ભાષા જ એક એટલી શક્તિવાળી છે. ભાષા ગુલામીનું બારણું બંધ કરી શકે છે, અને સ્વાતંત્ર્યનું બારણું ભાષા ઉઘાડી શકે છે."

પછી શિક્ષકે કહ્યું: "ચાલો, હું આપણી સુંદર ભાષા શીખવું. એનો કૃદંતનો સુંદર પાઠ શીખવું."

અને જે પાઠ આજ દિવસ સુધી છોકરાઓને અઘરો લાગતો હતો એ તેમને સાવ સહેલો ભાસ્યો; એકેએક શબ્દ તેઓ જાણે કે સમજતા હતા. ફ્રાન્ઝને પણ નવાઈ લાગી. "અરે, મારી બુદ્ધિ સુધરી ગઈ છે કે માસ્તર નવી રીતે શીખવે છે, કે છે શું? અઘરો પાઠ મને પણ સમજાય છે!"

પણ પાઠ સહેલો નહોતો થયો; કોઈની બુદ્ધિ વધી નહોતી ગઈ. વાત એમ હતી કે આજે સૌ સાચેસાચ ભણવા ઉપર બેઠા હતા. તેમના મનમાં

આજે માતૃભાષા ઉપર પ્રેમ આવ્યો હતો. વહાલી માતૃભાષાનું ભણતર આજે છેલ્લું હતું !

શિક્ષક આજે જુદી રીતે શીખવતો હતો. જાણે કે આખી ફ્રેંચ ભાષા છોકરાઓના મનમાં ભરી દેતો હતો. પોતે જે જાણતો હતો એટલું બધું રેડી દેવા મથતો હતો. ફ્રેંચ ભાષા ફરી વાર ક્યારે ભણાવવાનું મળે ?

વ્યાકરણ શીખવી લીધું; એકેએક છોકરાને કડકડાટ આવડી ગયું. તો યે પદચ્છેદ કરાવ્યું. અને તેમાં શું શીખવ્યું, ખબર છે ? "ફ્રાન્સ અને આલ્સસ." 'ફ્રાન્સ' 'અને' 'આલ્સસ' માત્રનું સાદું પદચ્છેદ જ નહિ; "ફ્રાન્સ અને આલ્સસ એટલે ફ્રાન્સનું આલ્સસ, ફ્રાન્સની સાથે જોડાયેલું. ફ્રાન્સ ફ્રાન્સથી છૂટું પડે તોપણ 'ફ્રાન્સ અને આલ્સસ.' જર્મન લોકો લઈ જાય તોપણ 'ફ્રાન્સ અને આલ્સસ.' બંને સાથે : જુદાં પડે તો યે સાથે !"

ત્યાર પછી શિક્ષકે કોપી લખાવી. એમાં પણ "ફ્રાન્સ અને આલ્સસ" એ શબ્દો જ લખાવ્યા. શાળાના ઓરડાની ભોંય ઉપર કોપી બૂકો સુકાતી હતી. એ આખો ઓરડો 'ફ્રાન્સ અને આલ્સસ'થી ભરાઈ ગયો હતો !

આજે છોકરાઓ કોપી બૂકો લખ્યે જ જતા હતા. જેમ તેઓ કાગળ ઉપર ફ્રાન્સ અને આલ્સસ લખતા હતા, તેમ તેઓ હૃદયમાં પણ ફ્રાન્સ અને આલ્સસ લખતા હતા.

ફ્રાન્સ અને આલ્સસનું વ્યાકરણ ભણ્યા; તેની સૌએ કોપી લખી. હવે કવિતાનો વારો આવ્યો. શિક્ષક નવી કવિતા લાવ્યા હતા.

"ફ્રાન્સ અને આલ્સસ
આલ્સસ અને ફ્રાન્સ!"

કવિતા છોકરાઓએ ગાઈ. ગજવી મૂકીને ગાઈ. ધરાઈ ધરાઈ ને ગાઈ. શિક્ષક અને છોકરાઓ આજે એકબીજાને ભૂલી ગયા હતા. આજે જ ખરું ભણતર ભણતા હતા. અને એ ભણતર જરા યે અધરું લાગતું ન હતું.

આખરે શિક્ષક ઊભો થયો. તેનો ચહેરો ફિક્કો દેખાયો. મનમાં જાણે કારી ઘા લાગતો હતો: "બસ હવેથી ફ્રેંચ ભાષા નહિ શીખવાય!" ટટાર થઈ, છાતી કાઢી, હિંમતથી તે બોલ્યો. તેના છેલ્લા શબ્દો બોલ્યો—છેલ્લો પાઠ બોલ્યો: "મારાં બાળકો, વહાલાં બાળકો, મારાં વહાલાં બાળકો!"

પણ તેનું ગળું રૂંધાઈ ગયું. તેની આંખો ભીની થઈ ગઈ. બોલવાનો પ્રયત્ન કર્યો પણ ન બોલાયું. આખરે ચાક લીધો ને પાટિયા પર લખ્યું : મોટા અને સ્પષ્ટ અક્ષરે લખ્યું——

"ઘણું જીવો ફ્રાન્સ!"

સૌ તેની સામે જોઈ રહ્યા. કોઈ એક પણ શબ્દ ન બોલ્યું. બધા સ્તબ્ધ થઈ ગયા.

માસ્તરે જવાની નિશાની કરી ને એક પછી એક છોકરો ગયો. બસ, થઈ રહ્યું; છેલ્લો પાઠ પૂરો થયો!

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

કથાનાટ્ય ગ્રંથમાળા

બાળનાટકો ભાગ-૧

બાળનાટકો ભાગ-૨

બુધ્ધ ચરિત્ર

ગોપીચંદ

છેલ્લો પાઠ

સંપાદકોનું કથન

હરિશ્ચંદ્ર

છેટાં રે'જો, માબાપ

•

આવા અન્ય રસ ભરપૂર
નીચેના સેટો પણ વસાવો

•

હાસ્ય વિનોદ ગ્રંથમાળા

ગાતી ગ્રંથમાળા

અવલોકન ગ્રંથમાળા

રમ્યકથા ગ્રંથમાળા

ચાલો પ્રવાસે ગ્રંથમાળા

પશુપક્ષી ગ્રંથમાળા

જીવનચરિત્ર ગ્રંથમાળા

જ્ઞાનવર્ધક ગ્રંથમાળા

પાઠપોથી ગ્રંથમાળા

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ અમદાવાદ-૧